**વૈશ્વિક પ્રેષિતદિન (મિશન રવિવાર) પ્રસંગે વડાધર્મગુરુનો સંદેશ (આંશિક ભાવાનુવાદ).**
**'એટલે તમે ચૌટેચકલે જાઓ, અને જેટલા મળે તેટલાને જમવા બોલાવી લાવો' (માથ્થી ૨૨:૯).**

વહાલાં ભાઈબહેનો!

આ સાલના વૈશ્વિક પ્રેષિતદિન માટે મેં પસંદ કરેલો પ્રધાનસૂર શુભસંદેશના લગ્નસમારંભની દૃષ્ટાંતકથામાંથી લીધો છે (માથ્થી ૨૨:૧-૧૪). આમંત્રિત મહેમાનો બહાનાં કાઢતાં, યજમાન રાજા પોતાના સેવકોને કહે છે, 'એટલે તમે ચૌટેચકલે જાઓ, અને જેટલા મળે તેટલાને જમવા બોલાવી લાવો.' આ દૃષ્ટાંતકથા અને પ્રભુ ઈસુના જીવન પર ચિંતનમનન કરતાં શુભસંદેશ પ્રચાર-પ્રસારનાં વિવિધ પાસાં ઊપસી આવે છે. સહભાગી ધર્મસભાની આપણી સહયાત્રાના આ અંતિમ પડાવ પર ખ્રિસ્તના પ્રેષિત એવા આપણા સૌ માટે એ દિશાસૂચક બની રહે છે. 'સત્સંગ, સહકાર અને પ્રેષિતિક સહયોગ' આપણી આ સંઘયાત્રાનો ધ્યાનમંત્ર છે. એ, હાલની દુનિયામાં શુભસંદેશની ઘોષણાના એના પાયાગત કર્તવ્ય તરફ ધર્મસભાનું ધ્યાન દોરે છે.

૧. 'જાઓ, અને... બોલાવી લાવો!' થાક્યા વિના બીજાંને પણ પ્રભુના સમારંભમાં તેડી લાવવા એ જ આપણું પ્રેષિતિક કર્તવ્ય.

રાજાની આજ્ઞાના બે શબ્દો આપણા પ્રેષિતકાર્યના હાર્દને વાચા આપે છેઃ 'જાઓ' અને 'બોલાવી લાવો.'

રાજાએ પોતાના સેવકોને અગાઉ મહેમાનોને આમંત્રણ આપવા મોકલ્યા હતા. પ્રેષિતકર્મ તો થાક્યા વિના સૌ માણસોને પ્રભુનાં દર્શન કરવા અને એમની સાથે ઘરોબો કેળવવા આમંત્રવા નીકળી પડવાનું છે. થાક્યા વિના! માણસો ભલે આંખ આડા કાન કરે યા સીધેસીધો નન્નો ભણે; તો પણ પ્રેમાળ અને કરુણાળુ પ્રભુ તો સૌને પોતાના રાજ્યનો આનંદ માણવા ટહેલ નાખતા નીકળી પડતા રહે છે. પરમપિતાના દૂત અને ભલા ભરવાડ પ્રભુ ઈસુ માત્ર ઈસ્રાયલનાં ખોવાયેલાં ઘેટાંની ખોજમાં જ નહિ, બલ્કે પોતાના ઝોકનાં ન હોય એવાં ઘેટાંને પણ શોધવા નીકળી પડ્યા હતા. પોતાના પુનરુત્થાન પહેલાં અને પછી તેમણે શિષ્યોને 'ઊપડો!' એમ કહી એમને પોતાના પ્રેષિતકર્મમાં સામેલ કર્યા હતા. પ્રભુ ઈસુએ પોતાને આપેલ આદેશને માથે ચડાવી, ધર્મસભા પણ મુશ્કેલીઓ યા અવરોધો છતાં શુભસંદેશનો પ્રચાર-પ્રસાર કરતાં ધરતીના છેડા સુધી પહોંચતી રહેશે.

પ્રભુની હાકલ કાને ધરી, પોતાનાં ઘર, ગામ છોડી શુભસંદેશના પ્રચાર-પ્રસાર માટે નીકળી પડેલ સૌનો હું આ પ્રસંગે હૃદયપૂર્વક આભાર માનું છું. ધરતીના છેડા સુધી જવા નિત નવા પ્રેષિતો મોકલવા બદલ આપણે પ્રભુનો આભાર માનતાં રહીએ તેમજ પ્રાર્થના કરતાં રહીએ.

આ વૈશ્વિક પ્રેષિતકર્મમાં ભાગીદાર થવાની હાકલ તો દરેક ખ્રિસ્તીને મળેલી છે. દરેકે પોતાના જીવન દ્વારા પોતાની વિવિધ પરિસ્થિતિઓમાં શુભસંદેશની ઘોષણા કરતા રહેવાનું છે. હાલ પણ પ્રભુ તો બારણે ટકોરા દઈ જ રહ્યા છે. ફેર એટલો કે આપણે એમને બહાર આવવા દઈએ એ માટે તેઓ અંદરથી ટકોરા દઈ રહ્યા છે! ઘણી વાર આપણે પ્રભુને 'આપણા આગવા' માની લઈ એમને ધર્મસભાની અંદર ગોંધી રાખવાની ચેષ્ટા કરીએ છીએ. પ્રભુ તો સૌને માટે આવ્યા છે અને આપણે એમનો શુભસંદેશ સૌને પહોંચતો કરવાનો છે. ખ્રિસ્તીધર્મના ઉદયને ટાણે સૌ નીકળી પડ્યાં હતાં તેમ આપણે પણ આપણા જીવનના સંજોગ અનુસાર નીકળી પડવા તૈયાર થઈએ.

દૃષ્ટાંતકથામાં રાજા પોતાના સેવકોને માત્ર ઊપડવાની જ આજ્ઞા નથી ફરમાવતા પણ મહેમાનોને 'ભોજનમાં ચાલો' એવી નોતરવાની આજ્ઞા પણ કરે છે. અહીં ઈશ્વરદત્ત પ્રેષિતકર્મનું બીજું એક પાસું છતું થાય છે. સેવકોએ રાજાના આમંત્રણને માન આપી જલદી જવાની વાત તો કરી છે, પણ એમણે એ વાત આમંત્રિતોનું માનમર્યાદા જાળવી પ્રેમથી કરી છે. એ જ રીતે આપણે પણ શુભસંદેશની ઘોષણા પ્રભુની રીતે કરવાની છે. આપણે ખાતર મૃત્યુ વહોરી લઈ પુનરુત્થાન પામેલ પ્રભુ ઈસુમાં પ્રગટ થતા પરમપિતાના મુક્તિદાયક પ્રેમને આપણે, આપણામાં વસતા પવિત્ર આત્માએ આપણને આપેલ આનંદ, ઉદારતા અને પરોપકારની ભાવનાથી, સૌ સુધી પહોંચતો કરવાનો છે. આ પ્રચાર-પ્રસાર આપણે દબાણ, જોરજુલમ કે વટલાવીને નથી કરવાનો. આપણે તો નિકટતા, કરુણા અને મૃદુતાથી એ પ્રેમને પહોંચતો કરી ઈશ્વરને અને એમની કાર્યપદ્ધતિને રજૂ કરવાની છે.

૨. 'જમવા બોલાવી લાવો'. પ્રભુ ઈસુ અને ધર્મસભાના પ્રેષિતકર્મનું અંતકાળ અને ખ્રિસ્તપ્રસાદ વિષયક પાસું.

રાજાના દીકરાનો લગ્નસમારંભ ઈશ્વરના રાજ્યની આખરી મુક્તિનું જ પ્રતિબિંબ છે. પ્રભુ ઈસુના આગમનથી એ જીવન આપણને મળ્યું છે અને ભરપટ્ટે મળ્યું છે. યશાયા ૨૫:૬-૮માં આપેલ 'મિષ્ટાન્ન અને ઉત્તમ પીણાંની મિજબાની' તથા કાયમ માટે મૃત્યુને મિટાવી દેવાની આગાહી એનું જ પ્રતીક છે.

પોતાના જાહેરજીવનના આરંભે પોતાના પ્રેષિતકર્મ વિશે સ્પષ્ટતા કરતાં પ્રભુ કહે છે, 'સમય પાકી ગયો છે. ઈશ્વરનું રાજ્ય આવી પહોંચ્યું છે' (માર્ક ૧:૧૫). ખ્રિસ્તના શિષ્યોને એ પ્રેષિતકર્મ જારી રાખવા હાકલ કરવામાં આવી છે. ધર્મસભાનું પ્રેષિતકર્મ પ્રભુના પહેલા આગમન અને છેલ્લા આગમન વચ્ચેના ગાળામાં વિસ્તરે છે. પ્રભુ ફરી પધારે તે પહેલાં 'બધી પ્રજાઓ આગળ શુભસંદેશની ઘોષણા તો થવી જ જોઈએ' (માર્ક ૧૩:૧૦).

આરંભકાળના ખ્રિસ્તીઓમાં પ્રેષિતકર્મની ધગશમાં અંતકાળનું પાસું ઊભરી આવતું હતું. અંતકાળ નજીક છે એમ લાગતાં એમને શુભસંદેશની ઘોષણા કરવામાં ઉતાવળ કરવાની જરૂર લાગતી હતી. આજે પણ આ પાસાને જારી રાખવાની જરૂર છે. 'પ્રભુ પાસે છે' એ જાણકારી આપણને આનંદથી શુભસંદેશનો પ્રચાર-પ્રસાર કરવા પ્રેરશે. આપણી આ યાત્રા, ઈશ્વરના રાજ્યમાં ખ્રિસ્તના લગ્નસમારંભમાં આપણે સૌ એમની સાથે હોઈશું એ આશા સંકોરશે. દુનિયા તો આપણને ઉપભોક્તાવાદ, એશઆરામ, સંઘરાખોરી અને વ્યક્તિવાદની વિવિધ મિજબાનીઓ તરફ લલચાવશે. પણ શુભસંદેશ તો આનંદ, પરસ્પર વહેંચીખાવાની ભાવના, ન્યાય અને બહેન-ભાઈચારાની, ઈશ્વર અને માનવ સાથેની એકતાની દૈવી મિજબાનીમાં સૌને આવકારે છે.

આ ભરપટ્ટે જીવનની પ્રાપ્તિ પરમયજ્ઞમાં અત્યારથી જ થાય છે. અંતકાળની મિજબાનીનું નોતરું આપણે સૌને આપીએ છીએ એ, ખ્રિસ્તયજ્ઞના આમંત્રણ સાથે આંતરિક રીતે જોડાયેલ છે. પ્રભુ એમાં આપણને એમની વાણી અને એમના દેહરક્તથી પોષે છે.

ખ્રિસ્તયજ્ઞમાં જે ખ્રિસ્તનો આપણે પ્રસાદ લઈએ છીએ એ ખ્રિસ્તના, સૌ લોકો સુધી પહોંચવાના પ્રેષિતકર્મમાં જોતરાયા વિના આપણે રહી જ ન શકીએ. કોવિડની મહામારી બાદ અનેક ધર્મવિભાગોએ ખ્રિસ્તયજ્ઞકેન્દ્રિ નવીનીકરણ તરફ વધુ ને વધુ ઝોક આપવા માંડ્યો છે. એ નવીનીકરણ દરેકેદરેક ધર્મજનમાં પ્રેષિતકર્મની ધગશ પ્રેરવા અત્યંત જરૂરી છે. દરેક પરમયજ્ઞમાં 'તમારું બલિદાન અને પુનરુત્થાન, એ જ અમારા ધર્મસંદેશનો સાર. પ્રભુ, પરમ તેજે પધારો, એ જ અમારા દિલનો પોકાર,' એ શબ્દો કેવી ઊંડી શ્રદ્ધા અને હૈયાના ઉમળકાથી ઉચ્ચારવા જોઈએ!

૨૦૨૫ની જયંતિની તૈયારીરૂપે પ્રાર્થનાને સમર્પિત આ વરસ દરમિયાન હું આપ સૌને પરમયજ્ઞમાં પૂરી શ્રદ્ધાથી ભાગ લેવા તથા ધર્મસભાના શુભસંદેશના પ્રચાર-પ્રસારના પ્રેષિતકર્મ માટે પ્રાર્થના કરવા આગ્રહ કરું છું. આપણા ઉદ્ધારકના શબ્દોમાં જ દરેક પરમયજ્ઞમાં ધર્મસભા 'હે અમારા બાપ'માં 'તારું રાજ્ય આવો'ની માગણી કર્યા કરે છે. આમ, આપણી રોજિંદી પ્રાર્થના અને એમાંય વિશેષે પરમયજ્ઞ આપણને આશાના યાત્રી અને પ્રેષિતો બનાવે છે. આપણે ઈશ્વરના સાન્નિધ્યમાં શાશ્વત જીવન અને દૈવી મિજબાનીમાં સહભાગી થવા આગળ ધપતાં રહીએ છીએ.

૩. 'જેટલા મળે તેટલાને.' સહભાગી અને પ્રેષિતકર્મને વરેલ ધર્મસભામાં ખ્રિસ્તના શિષ્યોનું વૈશ્વિક પ્રેષિતકર્મ.

આ ત્રીજું અને છેલ્લું ચિંતનમનન આમંત્રિતો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, 'જેટલા મળે તેટલાને.' આ છે પ્રેષિતકર્મનું હાર્દ, કોઈ પણ અપવાદ વિના સૌને નોતરું છે. આપણું દરેક પ્રેષિતકર્મ ખ્રિસ્તના હૈયાના હેતની નીપજ છે. ખ્રિસ્ત તો સૌને પોતામાં સમાવી લેવા માગે છે. પક્ષાપક્ષી અને લડાઈઝઘડાથી વિખેરાઈ ગયેલ વિશ્વનાં સૌ માનવીઓને પ્રભુનો શુભસંદેશ, ભાઈબહેનો તરીકે પરસ્પર ઘરોબો સાધી વિવિધતામાં એકતા સાધવા આમંત્રે છે. 'આપણા તારણહાર પરમેશ્વરની ઈચ્છા એવી છે કે, સૌ કોઈ મુક્તિ પામે અને સત્યનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરે' (૧ તિમોથી ૨:૪). આપણે તો સૌને શુભસંદેશ સંભળાવવાનો છે. આપણે કોઈ નવી ફરજો લાદી રહ્યાં છીએ એવું કોઈને લાગવા દેવું ન જોઈએ, પણ આપણા આનંદમાં સૌને સહભાગી કરીએ છીએ, સૌંદર્યનાં દર્શન કરાવીએ છીએ અને સ્વાદિષ્ટ ભોજનસમારંભનું નોતરું આપીએ છીએ એમ લાગવું જોઈએ.

ખ્રિસ્તના પ્રેષિતકર્મી શિષ્યો તો કોઈનીય સામાજિક કે નૈતિક પરિસ્થિતિ ધ્યાનમાં લીધા વિના સૌની દરકાર કરતાં આવ્યાં છે. આપણી આ દૃષ્ટાંતકથામાં રાજાજ્ઞા મુજબ નોકરોએ 'સારાનરસા જે કોઈ મળ્યા તે બધાને ભેગા કર્યા' (માથ્થી ૨૨:૧૦). લૂક મુજબ તો 'ગરીબોને, લૂલાંલંગડાંઓને અને આંધળાંઓને' (૧૪:૨૧) ભેગાં કર્યાં. સમાજ જેમને હડધૂત કરે છે, જેમને છેવાડે ધકેલી દે છે એ સૌ રાજાના મોંઘેરાં મહેમાન બને છે. ઈશ્વરપુત્રના લગ્નની મિજબાનીનું તેડું તો સૌ માટે છે. ઈશ્વરનો બિનશરતી પ્રેમ તો સૌ પર ઢોળાતો જ રહે છે. 'ઈશ્વરને જગત ઉપર એટલો તો પ્રેમ હતો કે તેણે પોતાનો એકનો એક પુત્ર આપી દીધો, જેથી જે કોઈ એનામાં શ્રદ્ધા રાખે તે નાશ ન પામે, પણ શાશ્વત જીવન પ્રાપ્ત કરે' (યો. ૩:૧૬). માણસે તો એ આમંત્રણનો સ્વીકાર કરવાની નિશાનીરૂપે 'લગ્નને લાયક વસ્ત્રો' જેમ પહેરી લેવાની જ જરૂર છે. એ આમંત્રણનો સ્વીકાર કરતાં જ ઈશ્વરની કૃપા એનામાં પરિવર્તન લાવશે અને એની મુક્તિ સાધશે.

સહભાગી ધર્મસભામાં શુભસંદેશની સેવામાં પ્રેષિતકર્મ કરતા રહેવાની જવાબદારી સૌની સહિયારી છે. એ અદા કરવા દરેક પોતાનું યોગદાન આપે એ જરૂરી છે. પ્રેષિતકર્મ માટે સહભાગીતા જરૂરી છે તો સહભાગીતા માટે પ્રેષિતકર્મ. એટલે જ પરસ્પર સાથસહકાર એ આજના જમાનાની તાતી જરૂરરિયાત છે. વડાધર્મગુરુના પ્રેષિતમંડળોની સેવા માટે ફંડફાળો એકઠો કરી એ સૌના પ્રેષિતકર્મમાં સાથસહકાર આપવાની ફરજ અદા કરવા સૌને મારી આગ્રહભરી અપીલ છે. એટલે જ વૈશ્વિક પ્રેષિતદિન નિમિત્તે એકઠો કરેલ ફંડફાળો વડાધર્મગુરુને નામે મોકલી આપવામાં આવે છે અને ત્યાંથી જરૂરિયાત મુજબ વિશ્વભરમાં મોકલી આપવામાં આવે છે.

છેલ્લે માતા મરિયમ તરફ દૃષ્ટિ કરીએ. કાનાગામે લગ્નસમારંભમાં એમણે પ્રભુ ઈસુને એમનો પ્રથમ પરચો બતાવવા વિનંતી કરી હતી. અંતકાળે પ્રભુ પરમેશ્વર જે લગ્નસમારંભ યોજવાના છે એનો એમાં પૂર્વસંકેત છે. ખ્રિસ્તના અનુયાયીઓના હાલના પ્રેષિતકર્મ માટે પ્રાર્થના કરવા માતાજીને વિનંતી કરીએ. માતાજીની શીળી છાયામાં આપણા મુક્તિદાતાના આમંત્રણને સૌને પહોંચાડવા નીકળી પડીએ. હે પ્રેષિતકર્મના ધ્રુવતારક માતા મરિયમ, અમારે માટે વિનંતી કરો!

વડાધર્મગુરુ ફ્રાન્સિસ